सत्यमेव जयते

| | |
|---|---|
| **દાખલ તારીખ** | **૦૨/૦૧/૨૦૨૬** |
| **નોંધ્યા તારીખ** | **૦૨/૦૧/૨૦૨૬** |
| **ફેંસલ તારીખ** | **૧૪/૦૩/૨૦૨૬** |
| **સમયગાળો** | **વર્ષ / માસ / દીવસ**<br>**૦૦ / ૦૨ / ૧૨** |

---

**એડી. ચીફ જયુડીશીલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.પાટણ.**

---

**કિમીનલ કેસ નંબર : પ૭/૨૦૨૬**
**આંક : ૦૯**

**ફરીયાદી ઃ** શ્રી સરકાર

**વિરૂદ્ધ**

**આરોપીઓ ઃ**(૧) દીલીપભાઈ પટેલ રહે–આઈ સ્કેવર, સીઆઈએમએસ હોસ્પીટલ પાસે,સોલા, અમદાવાદ.
(૨) જલારામ પ્રોજેકટ પ્રા.લીમીટેડ કેર ઓફ એકજીકયુટીવ એન્જીનીયર પબ્લીક હેલ્થ વર્કસ ડીવીઝનની કચેરી, (રાધનપુર–સાંતલપુર ગ્રુપ RWSS), પાટણ.
કામનું.સ્થળ–એકઝીકયુટીવ એજિનીયર, પબ્લીક હેલ્થ વર્કસ ડીવીઝનની કચેરી, જલભવન, હોન્ડા શોરૂમની પાછળ, ટી.બી.ત્રણ રસ્તા પાસે, પાટણ.

**ગુન્હો : કોન્ટ્રાક્ટ લેબર (રેગ્યુલેશન એન્ડ એબોલિશન) એક્ટ, 1970–29(1), મુજબ.**

---

ફરીયાદ પક્ષે ઃ મદદનીશ સરકારી વકીલશ્રી સી.એલ.દરજી
આરોપીઓ પક્ષે ઃ કોઈ નથી.

❖~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~❖

## //જજમેન્ટ//

૧. ફરીયાદ પક્ષના કેસની હકિકત ટૂંકમાં એવી છે કે, શ્રી સરકાર તરફે ફરિયાદી કુ. એમ.એમ.કથીરીયા, સરકારી શ્રમ અધિકારી અને લઘુત્તમ વેતન નિરીક્ષકે સદરહું સંસ્થાની તા.૧૬/૧૦/૨૦૨૫ ના રોજ મુલાકાત લેતાં, કોન્ટ્રાક્ટરે કોન્ટ્રાક્ટ શ્રમયોગીઓની વિગતો દર્શાવતું પત્રક નમુના–૧૩માં રાખેલ નથી. આથી કલમ ૨૯(૧) સાથે વાંચતા નિયમ ૭૫નો ભંગ થાય છે. શ્રમયોગીઓને નમુના ૧૪માં રોજગાર કાર્ડ આપેલ નથી. આથી કલમ ૨૯(૧) સાથે વાંચતા નિયમ ૭૬નો ભંગ થાય છે. જેથી હાલની ફરિયાદ દાખલ કરેલ છે.

૨. આ કામે આરોપીઓને સમંસ કરતાં આરોપીઓ અત્રેની અદાલતમાં હાજર થતાં, આરોપીઓને ફરિયાદની નકલો મળી ગયાની ખાત્રી કર્યા બાદ, આરોપીએ આ કામે આંક–૦૭, ૦૮ થી ગુના કબુલાત પુરસીસ આપી, તેઓનો આ પ્રથમ વખતનો ગુનો છે તેમજ તેઓ ગરીબ મજુર વર્ગના છે. કુટુંબ કબીલાવાળા માણસ છે. કુટુંબમાં કમાવનાર વ્યકિત એક જ છે. આખા પરિવારના કુટુંબની ભરણપોષણની જવાબદારી આરોપીઓ ઉપર છે. તેઓનો કોઈ ગુનાહિત ઈતિહાસ નથી. આરોપીઓને કબુલ મંજૂર છે તેમજ આરોપીઓ હવે પછી કયારેય આવો ગુનો નહિ કરે તેમ જણાવી દયા કરવા વિનંતી કરેલ છે.

૩. આ કામે આંકુ–૦૫, ૦૬ થી આ કામના આરોપીની પ્લી લેતાં તેઓ સ્વૈચ્છાએ ગુનો કબૂલ કરેલ છે. આમ, કેસની હકિકત તથા આરોપીની આર્થિક સ્થિતીને ધ્યાને લઈને તેમજ **કોન્ટ્રાક્ટ લેબર (રેગ્યુલેશન એન્ડ એબોલિશન) એક્ટ, 1970– 29(1),** મુજબના સંજોગો તેમજ તેની સ્વૈચ્છિક ગુનાની કબુલાત ધ્યાને લેતાં તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ જી.એલ.આર. ૨૦૦૫ (૧) પાન નં.૭૦૯, ગુજરાત રાજ્ય વિ.નટવર હરચંદજીના કેસમાં

આપેલ માર્ગદર્શીકા મુજબ આ કામના આરોપીને સુધરવાની એક તક આપીને આરોપીને કાયદામાં જણાવેલ પૂરેપૂરી સજા અને દંડ ન કરતા ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**❖~~ હુ ક મ ~~❖**

(૧) આરોપીઓ (૧) દીલીપભાઈ પટેલ રહે–આઈ સ્કેવર, સીઆઈએમએસ હોસ્પીટલ પાસે,સોલા, અમદાવાદ. (૨) જલારામ પ્રોજેકટ પ્રા.લીમીટેડ કેર ઓફ એકજીકયુટીવ એન્જીનીયર પબ્લીક હેલ્થ વર્કસ ડીવીઝનની કચેરી, (રાધનપુર–સાંતલપુર ગ્રુપ RWSS), પાટણ. નાઓને બી.એન.એસ.એસ. કલમ–૨૭૫ અન્વયે દોષિત ઠરાવી બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૮(૨) અન્વયે **કોન્ટ્રાક્ટ લેબર (રેગ્યુલેશન એન્ડ એબોલિશન) એક્ટ, 1970– 29(1),** મુજબ શિક્ષાનેપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી દરેક આરોપીને રૂ.૨૦૦/– (અંકે રૂપિયા બસ્સો પુરા) એમ કુલ મળી રૂ.૪૦૦/– (અંકે રૂપિયા ચારસો પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો દંડ ના ભરે તો વધુ દિન–૦૭ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૪, માર્ચ, ૨૦૨૬ ના રોજની સ્પેશ્યલ સીટી ગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**સ્થળ:–પાટણ**
**તા.૧૪/૦૩/૨૦૨૬**

**(ધીરેન મનહરલાલ ચૌહાણ)**
U.J.C. No.GJ01006
**એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,**
મુકામ-પાટણ,
જીલ્લા-પાટણ.